a PROJECT **REPORT**
2018-19

# Oasis
# Misaal Honourship

*a project undertaken by* ***Oasis Movement***



***Special Leadership Education Program***
*For those who* ***Dare to Explore, Discover & Inspire***

# CONTENT**INDEX**

| | |
|---|---|
| Objectives & overview of Misaal Honourship | **01** |
| Why youths join MHE project? | 02 |
| Independence is the heart of MHE project | **03** |
| MHEs' independence stories & reflections | 04 |
| Cycle tour by MHEs | **05** |
| Reflections of the Cycle tour | 06 |
| Picture glimpses of the Cycle tour | **07** |
| Picture gallery of MHE Project | 08 |

HEART OF EDUCATION is EDUCATION OF HEART

OASIS

# *Oasis Misaal Honourship*



*I am born to* ***be Great.***

*I want to* ***make India better.***

*I* ***can****. I just need* ***a chance.***

# • Objectives and overview of Misaal Honourship

Education system provides only subjective knowledge to gain a diploma or degree, and not helping to get a real crush of life. So, today's generation becomes paralyzed and they are not been able to take even a small decision on their own. They always live in social pressure.

Especially in our Indian society most of the youths are not getting enough freedom to make their dreams come true & their thoughts/opinions are not given importance in the family. So, youths become dependent.

Oasis believes that youths need a platform to build strong character and to have the freedom to make decisions with one's own choices for future life. They can make mistakes and learn from it. With this process, they are able to see their inner strength and work on it. They get freedom from the conformity and able to do something different for the society as well as the country.

Misaal Honourship is a uniquely designed Leadership Project of Oasis for youths, who have a dream & a strong desire to do something for Society/ Country. It is a platform to build oneself for Leadership in one's talent area.

Here, Honourship is like scholarship or fellowship where financial support is extended to all participants, along with education and training in life oriented themes. It is a 2-5 year residential/ full-time course which focuses on the overall growth of the student to become a true leader in his or her talent area. All other expenses or resources are also provided to the participant. In addition to this, honorarium will be given at the end of completion of 2 years of Oasis Misaal Honourship. Post completion, the participant can pursue any career for the betterment of the nation or be a social welfare entrepreneur.



To be Misaal



To be smillionaire



To be dreamer



To be a better human being

# Why youths join MHE Project?

"હું INDEPENDENCE શબ્દ ફકત સમજ્યો હતો પરંતુ ખરેખર તેનો અનુભવ MHEમાં જોડાયા બાદ મળ્યો. પોતાના અંદર છુપાયેલી શક્તિઓ જાણવા મળી. MHEની પ્રક્રિયા દરેક ક્ષણે મારી નબળાઈ - સબળાઈને નવો પડકાર આપે છે, જે મને સ્વાવલંબનનો અનુભવ કરાવે છે. હંમેશાં ખુશ રહેવું, ભૂલો સ્વીકારવી ને તેમાંથી નવું શીખવું, કંઈ પણ સારું કે ખરાબ થાય છે તેને માટે જવાબદાર હું છું એવી માન્યતા કેળવવી, પ્રામાણિક બનવું - આ બધી બાબતો હું MHEમાં રહીને અમલમાં લાવતો થઈ ગયો છું. મારા મતે MHE એટલે તેનાં મૂળમાં જઈ પોતાની જાતને શોધવાની પ્રક્રિયા છે. "

**- વિનીત પટેલ, નવસારી**






"Misaal Honourship Explorer program is a process which is established to nurture great people. This program is designed for growth and improvement of potential in any person. This is the one and only process which includes everything for becoming a great leader. This process is for me and for those who want to do something for well being of humanity. I am so glad that I am a part of this great movement. I have joined this process because I feel that this program can change my future."

**- Ronak Pawar, Jambusar**

"આખી પ્રક્રિયાને કારણે મારા સ્વભાવમાં ઘણો બધો બદલાવ આવ્યો છે. ત્રણ માહિનામાં હું જેટલું પણ કરી શક્યો એ હું કદાચ આ MHE વગર કરી ન શક્યો હોત.

જો હું મારી જવાબદારીઓ વ્યવસ્થિતપણે નિભાવી શકું તો હું છું MHE.

જો હું મારા માતા-પિતાથી દૂર રહી પોતાનાં જીવનરૂપી બીજને વૃક્ષ બનાવવા જઈ રહ્યો છું-
તો હું છું MHE.

જો હું નિષ્ફળતા મેળવ્યા પછી પણ પ્રયત્ન ચાલુ રાખું છું તો હું છું MHE."

**- ધ્રુવ ગોહિલ, નવસારી**



*"I want to find my true self"*

# • Independence is the heart of MHE Project

મિત્રો, આપણે સૌ જાણીએ છીએ કે મનુષ્યે પરાવલંબીમાંથી સ્વાવલંબી બનવું જોઈએ. પરંતુ સ્વાવલંબી બનવું એ કોઈ કમજોર કે ઢીલાપોચાનું કામ નથી. માત્ર વિચારો કે મોટી મોટી વાતો કરવાથી આપણે સ્વાવલંબી નથી બની શકતા. પણ જે પોતાને લગતી દરેક બાબતો માટે પોતાની પર જ આધાર રાખે, વિચારો અને લાગણીઓમાં આવ્યા વગર પોતાના જીવનના નિર્ણયો જવાબદારીપૂર્વક લઈ શકે તેવી જ વ્યક્તિ સ્વાવલંબનના માર્ગ પર આગળ વધી શકે. ભૂલ કે નિષ્ફતાઓમાંથી પણ શીખતા જઈને જીવનને સાચી રીતે માણતાં રહેવું એ સ્વાવલંબન માટે એક અગત્યની બાબત છે. ઓએસિસ બાળકને એક પરિપક્વ યુવાન બનવા તરફની સાચી કેળવણી આપવાનું ઉમદા કાર્ય કરી રહ્યું છે.



Young people are learning to do all the work themselves

સ્વાવલંબન એ જ મિસાલ ઑનરશીપનું હાર્દ છે. આ માટેની પહેલી પરીક્ષા થઈ પોતાનું શહેર, મા-બાપનું ઘર છોડી પોતાના દમ પર પોતાની ઓળખ ઊભી કરવાની. ઑનરશિપમાં જોડાયા બાદ યુવાનો આજે ભેગા મળીને પોતાના જ નિયમો બનાવી ઘર ચલાવે, સાથે પોતાના કામ અને અભ્યાસને પણ સંભાળે છે, કપડાં ધોવાથી લઈને શાકભાજી ખરીદવા જેવા દરેક કામો જાતે કરતા શીખે છે. પોતાની નાનામાં નાની જવાબદારી તો લેતા શીખે છે સાથે ઓએસિસના ઘણાં ખરા કાર્યોની જવાબદારી લઈ સક્રિય રીતે કામ કરી રહ્યા છે. આ જ યુવાનો સભાનતાથી પોતાને ઓળખી રહ્યા છે, જાતે નિર્ણયો લઈ આગળ વધતા રહે છે. એક પ્રોફેશનલ વ્યક્તિની જેમ પોતાના કામની અને તેમાં થતી ભૂલોની જવાબદારી પણ લે છે.



સ્વાવલંબી જીવન જીવવા માટે ઘણી હિંમતની જરૂર પડે છે. કારણ કે જે કામ આપણે ક્યારેય કર્યું નથી અથવા હંમેશાં બીજા પર આધાર રાખ્યો છે, તે કરવા માટે ખૂબ સાહસની જરૂર પડે છે. હાલ ઓએસિસ યુવાનોને ખુમારી ભેર જીવન જીવવાનો મોકો આપી રહ્યું છે; જ્યાં સંઘર્ષોમાં પડવાનો ને તેમાંથી બહાર નીકળીને પોતાની જાતને વિસ્તારવાનો મોકો મળી રહ્યો છે. આમ, ઓએસિસ સ્વાવલંબી જીવન જીવવાની સાચી કેળવણી આપી રહ્યું છે.



Youths taking decisions in community meeting

# • MHEs' independence stories & reflections

Financial, Intellectual & Emotional Independence = Self-Reliance

ઑનરશિપના એક મિત્રના ઘરેથી અખરોટ મોકલવામાં આવ્યાં કે સૌ મિત્રો મળીને આને માણજો. ત્યારે પરિવારના આગ્રહને કારણે અખરોટનો તો સ્વીકાર કરવો પડ્યો, પણ પછી પ્રશ્નો ઊભા થયા કે આ ભેટને સ્વીકારવી જોઈએ કે નહીં. જો સ્વીકાર ના કરીએ તો પરિવાર દુ:ખી થાય ને જો એકવાર સ્વીકારી લઈએ તો પછી દર વખતે આવી જ પરિસ્થિતિનો સામનો કરવો પડે; તો પછી ઑનરશિપનો મર્મ મરી જાય. ત્યારે સૌએ ભેગા મળીને એ સમજણ ઊભી કરવાનો પ્રયત્ન કર્યો કે જ્યાં સુધી આપણે પોતે આવી મોંઘી ચીજો ખરીદવાની આપણી ક્ષમતા બનાવી લઈએ નહીં ત્યાં સુધી આવી ભેટ પણ કેવી રીતે સ્વીકારી શકીએ ? બીજી એ વાત સમજ્યા કે જ્યાં સુધી આપણે પોતાના દમ પર કંઈ આપતા નથી ત્યાં સુધી લેવું શી રીતે? ત્યાર પછી અખરોટ પાછા મોકલવામાં આવ્યાં; પરિવાર તરફથી આનાકાની કરવામાં આવી પણ જ્યારે એમની સામે પણ આ નિર્ણય પાછળની વાતો રજૂ કરી ત્યારે એમણે પોતાના સંતાન માટે તો ગર્વ જ અનુભવ્યો. આ ઘટના પરથી સૌ કોઈને ઑનરશિપ સાથે જોડાયેલ સ્વાવલંબનના વિશાળ અર્થને સમજવાની એક અનેરી તક મળી.

"As a participant of Misaal Honourship Explorer Project I feel very proud of myself. I do really feel that Oasis has given me a beautiful gift of independence and courage. I am 18 years old and I am delighted to write that I earn on my own though I belong from a wealthy family. Today I am so happy that I study on my own, stay on my own, work on my own and live on my own. The process of Misaal Honorship is so beautifully arranged that once you get into it you start moving with the flow and you start developing. So yes! MHE taught me the real meaning of independence."

**- Avadhi Shah, Navsari**

"સ્વાવલંબન કેળવવું એ ખૂબ અઘરી બાબત છે. જ્યારે મિસાલ ઑનરશિપમાં હું જોડાઈ ત્યારે દરેક કામ જાતે ને વ્યસ્થિત રીતે કરવાનું હોય તો આળસ, બેદરકારીને દૂર કરી પોતાની નબળાઈઓ સાથે લડીને મજબુત બનવું એ ખરેખર હિંમત માંગી લે છે. આ પ્રક્રિયામાં જોડાવા માટે જ્યારે પોતાનું શહેર, ઘર, પરિવાર વગેરે છોડીને આવી ત્યારે સાચી રીતે હું મારા પગ પર ઊભા થતા શીખી."

**- કૃતજ્ઞા ટંડેલ, નવસારી**

## • *Cycle tour by MHEs*

૧૫મી ઑક્ટોબરે બારના ટકોરે મિસાલ ઓનરશીપના ૧૬ મિત્રો રોમાંચ અને ચિંતાની સમમિશ્રિત લાગણીઓ સાથે સાયકલ પર સવાર થઈ એક અનોખી સાહસ યાત્રાએ નીકળ્યા હતા. આ પ્રવાસની કેટલીક શરતો હતી કે પૈસા, નાસ્તો ને પાણી સુધ્ધાં પણ તેઓ રાખી નહીં શકે સાથે ઓએસિસના નામનો પણ ઉપયોગ નહીં કરવો એટલે કે પોતાના દમ પર જ આ પ્રવાસને માણવાનો હતો. આવી શરતોને કારણે ડગલેને પગલે યુવાનોનું સ્વપરીક્ષણ થવાનું હતું કે તેઓ કેટલે અંશે માનસિક અને શારીરિક રીતે સશક્ત છે. નાની નાની બાબતોમાં થાક્યા કે હાર્યા વગર શું તેઓ આગળ વધી શકે છે? અને એકબીજાનો સાથસહકાર આપીને એક કમ્યૂનિટિ તરીકે શું વિકસી શકે છે? અને સાચે જ તેઓ આ બંને બાબતો પર ખરા ઉતર્યા.

આ ત્રણ દિવસ દરમ્યાન તેઓ પાદરા તાલુકાના નવ જેટલાં ગામોની મુલાકાત લીધીને ત્યાં જઈને એ સાબિત કરીને બતાવ્યું કે જો સાચા દિલથી આપણે આપવાની ભાવના રાખીએ તો સામેના પક્ષેથી માંગ્યા વિના જ ઘણું બધું મળી જાય છે. હવે તમને લાગશે કે આપવા માટે તો તેમની પાસે કશું હતું જ નહીં તો એવું તો શું કરીને આવ્યાં કે આટલો બધો પ્રેમ તેમને દરેક ગામ પાસેથી મળ્યો? તેઓ બાળકો, યુવાનો, સ્ત્રીઓ અને વૃદ્ધો સાથે એ રીતે મળતા કે જાણે એમના જ સ્વજન હોય, તેમની જોડે બેસતા એમને સાંભળતા અને જાણ્યાઅજાણ્યાનો એક અનોખો સંબંધ બાંધીને આવતા. વિવિધ ગામોમાં જઈને આ મિત્રોએ સ્વ-વિકાસ અંગેના શેરી નાટકો કર્યા તો બાળકોને માટે આત્મવિશ્વાસ અંગેના સેશન લીધા, યુવાનો સાથે ધ્યેય અને મિશન અંગેની ચર્ચાઓ કરી તો બીજીબાજુ સ્ત્રી સશક્તિકરણ અંગેના કાર્યક્રમો પણ કર્યા. આ દરેક પાછળ કંઈક આપવાનો ઉદ્દેશ રહેલો હતો. શરત મુજબ ઓએસિસ શબ્દોમાં હાજર નહોતું પણ વ્યવહારમાં જરૂર તેની જ અનુભૂતિ હતી.



*They were practicing-*
*'if I don't mind,*
*it doesn't matter'*
*during the Cycle tour*

# • Reflections of the Cycle tour

"સાઇકલ ટુરનો અનુભવ મારા માટે મારા જીવનની નજીક જવાનો મોકો હતો. સાઇકલ ટુર દરમિયાન મારી મોટી જવાબદારી સત્તાવાળી વ્યક્તિ સાથે વાત કરવાની હતી. જે મારી સૌથી મોટી ચેલેન્જ હતી. મને હંમેશા એવો ડર રહેતો કે હું કોઈ સાથે જવાબદારી ભરેલી વાત કરવા જાઉં અને કંઈક ખોટું થઈ જાય તો અમારો જે હેતુ છે તે ખોટો ઠરશે. પણ આ ડર દૂર કરવાનો મોકો મને cycle tour દરમિયાન મળ્યો. સાઇકલ ટુર દરમિયાન મારો એક સરસ અનુભવ રહ્યો કે અમારે સેશન લેવાનાં હતાં. મેં સ્રીઓનો સેશન લીધો હતો. સેશનના કારણે ઘણી બધી સ્રીઓમાં હિંમત આવી. ઘણી બધી સ્રીઓએ પોતાની વાત રજૂ કરી. તે ક્ષણ મારા માટે ખૂબ જ સરસ હતી. મને અનુભવ થયો કે હું કોઈને તેમના જીવન વિશે વિચારતાં કરી શકું છું. જેની મને ખૂબ ખુશી છે. 'If I don't mind it doesn't matter'ની પ્રેક્ટિસ ખૂબ જ સારી રીતે થઈ. જ્યારે હું cycle ચલાવતાં થાકી જાઉં તો હું પોતાને પ્રેરણા કરતી.અમે કંઈક આપવા માટે જતી ત્યારે એ થાક અને બીજું બધુ જ ભૂલી જતી અને બધાની સાથે હળીમળી જતી અને મારા તરફથી હું મારું શ્રેષ્ઠ આપતી હતી."

**- ક્રિના ઓઝરકર, નવસારી**

"ન જાણે આ દિવસો કેટલી જલ્દી વીતી ગયા! અમુક વખત આ ઘડિયાળનો કાંટો બહુ ઝડપથી ફરે છે અથવા હું મારા જીવનની ચાહમાં એટલો ખોવાયેલો હોઉં છું કે ખ્યાલ નથી આવતો કે દિવસો ક્યાં જતા રહ્યા? રોજ આવું જીવું તો કેટલું સારું! તો શરૂઆત કરીશ મારી સાઇકલ સાથેની યાત્રાથી. તે મારા માટે એકાંતનો તેમજ પહેલાંના દિવસો યાદ અપાવી દે તેવી મસ્ત મજાની યાત્રા રહી. સાઇકલ ચલાવતાં એવો વિચાર આવતો કે મારી કહાની બનાવવી ખૂબ જ અઘરી બાબત છે, તો પછી અઘરી બાબત શા માટે પ્રયત્ન ન કરું? ત્યારબાદ મેં વધારે ને વધારે શક્તિથી કામ કર્યું. માત્ર કાર્યક્રમના સંચાલનમાં જ રચ્યા-પચ્યા ન રહેતા હું નાટકમાં ભાગ ભજવી શક્યો, યુવાનોને મળી શક્યો અને એ બાબતમારા માટે બદલાવ કરનારી રહી હતી. સાઈકલની યાત્રા પછી હું એવું અનુભવી રહ્યો છું કે હું પ્રેમની અંદર સતતને સતત ઉગરી રહ્યો છું. અને એક પ્રેમાળ વ્યક્તિ બનવાની કોશિશ કરી રહ્યો છું. 'I am going deeply in track of unconditional love.'"

**- વિનીત જૈન, નવસારી**

"Cycle tour" - these two words created the most memorable experience of my life. During these days we enjoyed the tour while we faced various problems. When we visited villages we invited people for small sessions, cooked food with them, designed sessions & executed them & we had also done street plays & dramas, and all this was done with full energy. It could only happen with one magical line which is "if I don't mind it doesn't matter." I met a new best friend of life, who always helps me grow more & more, and its name is… 'struggle'.

**- Harsh Sharma,Vadodara**

## • Picture glimpses of Cycle tour



"ઉત્સાહ અને ઉમંગ સાથે સાહસને અમે બાંધીને લઈ ગયા હતા, સાયકલની એ સવારીને પ્રકૃતિનો આસ્વાદને માણતા, નાના-મોટા સૌને મળ્યા દરેક પાસેથી મળી સ્વજન હોવાની અનુભૂતિ; એ દિવસોને યાદ કરતા આજે ય થઈ ઊઠીયે છીએ નવપલ્લવિત."

**- ક્રિષ્ના પટેલ, વડોદરા**

### હજુ વાર છે!

કશુંય લીધા વગર નીકળ્યા અમે પોતાની મરજીએ,
ગામડે જઈ પ્રસંગોમાં જીવનનો પ્રસંગ સર્જીએ,
ત્યારે નવરાત્રિને કહી દો હજુ વાર છે!

ગયા છીએ અમે સાયકલ ચલાવતા,
ગામડે જઈ અનુભવ પ્રેમનો કરાવતા,
ત્યારે ચાંદને કહી દો રાતને હજુ વાર છે!

જોશ અને ઉલ્લાસથી હાલતા,
સાથે સાથે પ્રકૃતિના આસવડને માણતા,
ત્યારે આળસને કહી દો હજુ વાર છે!

ગામવાળા કદીયે ભૂખેય ન રાખે,
અમારી સંગત, સહકારના પ્રેમને ચાખે,
ત્યારે આપણામાં ભરેલા અહંકારને કહી દો હજુ ઘણીવાર છે!

રાતોની રાત તળે, ડાયરીના ટળે,
અમારી મૈત્રીપ્રેમની ભૂખેય ના મરે,
ત્યારે વડોદરા (શાલિન) ને કહી દો હજુ વાર છે!

**- વિનીત જૈન, નવસારી**



*In Navakhal (Dist. Anand), Misaal Honourship fellows could connect with 200+ people through the Role play.*



*"The bond of friendship became stronger"*

# • Picture gallery of MHE Project



*MHEs review their growth at the end of each trimester with their facilitator Sanjiv Shah*



"દરેક ક્ષણે અમારી અંદર
નવી નવી કૂંપળો ફૂટી રહી છે, ને જીવનરૂપી
વૃક્ષ ઘટાદાર બની રહ્યું છે"



*Community living*



*"I want to become independent"*



- વ્યક્તિત્વના વિવિધ પાસાઓને નજીકથી ઓળખવાનો મોકો મળે એટલે "MHE"
- પોતાની નબળાઈને લલકારીને સબળાઈમાં પરિવર્તિત કરતાં શીખવે એટલે "MHE"



*MHEs learning from their mentors*



*Mentor/ Facilitator Sanjiv Shah with his amazing explorers*

*"**Take risks** in your life,*
*If you **win,** you can **lead!***
*If you **lose**, you can **guide!**"*
*- Swami Vivekanada*

# Oasis Movement

2nd Floor, Shalin Apartment, 52, Haribhakti Colony,
Race Course, Vadodara-390007, Gujarat, India

Teleflex: +91-265-2321728
Email: info@oasismovement.in